ચાર પ્રાદેશિક કચેરીના નામ સરકારી મુદ્રણ અને લેખન સામગ્રીના નિયમ સંગ્રહ ગ્રંથના વોલ્યુમ-૧ના એપેન્ડીક્ષ-૧ના પરિશિષ્ટ-૩ અને ૧૩માં દાખલ કરવાની મંજૂરી આપવા બાબત.

ગુજરાત સરકાર

મહિલા અને બાળ વિકાસ વિભાગ

યાદી ક્રમાંક: આઈસીડી/૧૦૨૦૨૧/૧૩૫/બ૧

સચિવાલય, ગાંધીનગર.

તા.૦૧/૦૩/૨૦૨૧

વંચાણે લીધા:

1. નિયામકશ્રી આઇસીડીએસ, ગાંધીનગરના તા.૨૨/૦૧/૨૦૨૧નો પત્ર ક્રમાંક: મબાવિ/આઇસીડીએસ/લોજીસ્ટીક/RDD-કચેરી/ઇન્ડેન્ટ નંબર/રજુઆત/૩૦૧૩/૨૧.
2. ઉદ્યોગ અને ખાણ વિભાગનાં તા.૧૦--૭-૮૦નાં પરિપત્ર ક્રમાંક: છલસ-૨૦૮૦-૪૮૩૭-છા.લે.સા.પ્ર.

//યાદી//

વંચાણે લીધા (૧) પરના નિયામકશ્રી આઇસીડીએસના તા.૨૨/૦૧/૨૦૨૧ના પત્રથી કરવામાં આવેલ સંકલિત બાળ વિકાસ યોજના હેઠળની વિભાગીય નાયબ નિયામકશ્રીઓની ચાર પ્રાદેશિક કચેરી, અમદાવાદ, રાજકોટ, વડોદરા અને સુરતના નામ સરકારી મુદ્રણ અને લેખન સામગ્રીના નિયમ સંગ્રહ ગ્રંથના વોલ્યુમ-૧ના એપેન્ડીક્ષ-૧ના પરિશિષ્ટ-૩ અને ૧૩માં દાખલ કરવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી. પુખ્ત વિચારણાને અંતે વંચાણે લીધા (૨) પરના ઉદ્યોગ અને ખાણ વિભાગના પરિપત્રમાં દર્શાવેલ જોગવાઇને આધીન ચાર વિભાગીય નાયબ નિયામકશ્રી, અમદાવાદ, રાજકોટ, વડોદરા અને સુરતની પ્રાદેશિક કચેરીઓના નામ સરકારી મુદ્રણ અને લેખન સામગ્રીના નિયમ સંગ્રહ ગ્રંથના વોલ્યુમ-૧ના એપેન્ડીક્ષ-૧ના પરિશિષ્ટ-૩ અને ૧૩માં દાખલ કરવાની મંજૂરી આપવામાં આવે છે.

આ યાદી આ વિભાગની સમાન ક્રમાંકની ફાઇલ પર નાણા સલાહકારશ્રીની તા.૨૪/૦૨/૨૦૨૧થી નોંધ પર મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

(ચૈતન્ય નિમાવત)

નાયબ સચિવ

મહિલા અને બાળ વિકાસ વિભાગ

પ્રતિ,

1. નિયામકશ્રી, કમિશ્નરશ્રી, મહિલા અને બાળ વિકાસની કચેરી, ૨૦, જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
2. નિયામકશ્રી, સરકારી મુદ્રણ અને લેખન સામગ્રી, ઉધોગ ભવન, ગાંધીનગર.
3. એકાઉન્ટ જનરલશ્રી, અમદાવાદ/રાજકોટ.
4. નાયબ સેક્શન અધિકારી સિલેક્ટ ફાઇલ
5. શાખા સિલેક્ટ ફાઇલ